Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar



# 2047ના વિકસિત ભારતની પ્રગતિ માટે ટેકનોલોજી અને નાવીન્ય

**ડૉ. જિજ્ઞાસા કે. ચાવડા**

શ્રીમતી જે. જે. કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કૉલેજ, બેડીપરા, સંત કબીર રોડ, રાજકોટ: 360003

**સારાંશ.**

ઈ. સ. 2047 એટલે આપણા રાષ્ટ્રની સ્વતંત્રતાનું 100મું વર્ષ. આ વર્ષ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવામાં સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક વિકાસ જરરી છે. તે માટેની પ્રગતિ ટેકનોલોજી અને નાવીન્ય દ્વારા કરવાનો વિચાર અહીં પ્રસ્તુત છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીના આ યુગમાં આપણો દેશ વિકાસની હરણફાળ ભરી રહ્યો છે. વિકાસનાં વિભિન્ન ક્ષેત્રોમાં ટેકનોલોજી અને નાવીન્યના અસરકારક વિનિયોગથી વિકસિત રાષ્ટ્ર બનાવવાની વિચારણામાં વિવિધ પ્રકારનું ટેકનોલોજી અને નાવીન્ય જેવું કે રાષ્ટ્રના વિકાસ માટેની સંભાવ્ય ક્ષમતાઓનો સંપોષિત વિકાસ, અસરકારક શિક્ષણ અને કૌશલ્યોનો વિકાસ, યુવાઓના સશક્તિકરણ માટે પરિવર્તનની ઉત્પ્રેરણા, ઉદ્યોગ સાહસિકતા, અંતરીક્ષ યાત્રા આને ટેક્નોલોજી,પર્યાવરણ સાચવણી, ડિજિટલ ઇન્ડિયાની ક્ષમતાને નિયંત્રિત કરીને ઉપયોગમાં

લેવાની આવડત, સામાજિક ઉત્તરદાયિત્વ અને નાગરિક પ્રતિબધ્ધતા, પ્રગતિ માટેની નીતિનો અમલ, પર્યાવરણનો સંપોષિત વિકાસ, આરોગ્ય જાળવણી માટેના સુધારા, સંસાધન વિકાસ, સ્ત્રી સશક્તિકરણ,  વિદ્યાર્થીઓ-યુવાઓ-મહિલાઓના વિકાસ માટે પ્રોત્સાહન, વ્યવસાય-ધંધા-કામ-રોજગાર માટેની શિસ્ત વગેરે પર ધ્યાન કેન્દ્રિત કરીને વિકસિત ભારત @ 2047 સન્દર્ભે અહીં લેખ પ્રસ્તુત છે.

**ભૂમિકા.**

**ટેક્નોલોજી** અને નાવીન્યના સથવારે ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવીને વિશ્વગુરુ બનવાની મહત્તમ તક ઉપલબ્ધ બની છે. તે માટેના સફળ પ્રયત્નો દ્વારા રાષ્ટ્રની પ્રગતિ કરવા તરફ આપણું લક્ષ્ય છે. વિકાસનાં દરેક ક્ષેત્રે ટેકનોલોજી અને નાવીન્યનો ઉપયોગ જરૂરી બન્યો છે.

વિજ્ઞાન અને ટેકનોલોજીના આ યુગમાં 21મી સદી તો માહિતીના વિસ્ફોટની સદી બની રહી છે ત્યારે તેનો ઉપયોગ એ માહિતી તક્નિકીનો જ વિનિયોગ છે. વૈશ્વિકીકરણના આ સમયમાં વ્યક્તિગત વિકાસ કે સામાજિક વિકાસ માટે અત્યાધુનિક ટેકનોલોજીનો સહારો આવશ્યક છે. તે અનિવાર્ય પણ છે. આમ તો વિજ્ઞાન અને ટેકનોલોજીનો વિકાસ એ માનવના ભેજાનું જ પરિણામ છે. કુદરતે એક વિકસિત સજીવ તરીકે માનવ સર્જ્યો અને તેને જે હૈયું,મસ્તક અને હાથ, એમ ત્રણ વાનાંની ભેટ આપી છે. તેના થકી વિચાર, ભાવ અને કાર્યને વેગ મળ્યો અને તેથી માણસે વિકાસની હરણફાળ ભરી છે. આ વિકાસના પરિણામે આપણે માહિતી વિજ્ઞાનના સિમાચિહ્ન એવા ટેક્નોલોજી સુધી પહોંચી ગયા છીએ. હવે રાષ્ટ્રના વિકાસની સંભાવ્ય સંપોષિત ક્ષમતાઓના વિકાસ માટે અસરકારક શિક્ષણ અને કૌશલ્યોનો વિકાસ જરૂરી છે. આટલી ભૂમિકા પછી 2047ના

વિકસિત ભારતની પ્રગતિ માટે ટેક્નોલોજી અને નાવીન્ય વિશે રજૂઆત કરવાનો અહીં ઉપક્રમ છે.

**અસરકારક ટેક્નોલોજી અને કૌશલ્યોનો વિકાસ.**

નાવીન્યનો સ્વીકાર ન કરીએ અને જૂની રૂઢિઓમાંથી બહાર ન નીકળીએ તથા ટેક્નોલોજીનો ઉપયોગ ન કરીએ તો રાષ્ટ્રના વિકાસની કટોકટી સર્જાતી જ રહેશે. આપણે તો જ્ઞાનના વિસ્ફોટની આ 21મી સદીમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના સથવારે નાવીન્યના સ્વીકાર સાથે રાષ્ટ્રનો વિકાસ કરવાનો છે. આપણે અત્યાધુનિક ઈન્ફરમેટિવ ટેક્નોલોજી અનુસાર વિકાસ પામીએ તો આ ઈન્ટરનેટના યુગમાં વિકાસની કટોકટીને ખાળી શકાઈ છે. ઇન્ટરનેટ એ માહિતીનો અગાધ દરિયો છે. માહિતી ભેગી કરવી, લોકો સુધી પહોંચાડવી, વૈશ્વિક દૃષ્ટિએ લોકો સાથે સંવાદિતા સ્થાપવી જેવા બહુહેતુક રીતે ઉપયોગમાં લેવાતું માધ્યમ છે. પ્રવર્તમાન સમયમાં ઑનલાઇન શિક્ષણ આપવામાં, અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાને રસપ્રદ બનાવવા, રોજ-બરોજના કાર્યને વધુ વેગવંતું બનાવવા, પ્રત્યાયનના સાધન તરીકે, સંશોધન અને વિકાસ કરવામાં, મનોરંજન માટે, ખરીદી કરવા માટે, નાણાં વિનિમય માટે તેમજ સામાજિક વિકાસ કરવા માટે ઇન્ટરનેટનું મહત્ત્વનું યોગદાન છે. વિકાસનાં તમામ ક્ષેત્રો જેવાં કે આરોગ્ય, સંરક્ષણ , વેપાર - વાણિજ્ય, સહકાર, બેન્કિંગ , ઉદ્યોગ, કૃષિ અને પશુપાલન, વિજ્ઞાન અને ટેકનોલોજી એમ દરેક ક્ષેત્રે ઇન્ટરનેટનું યોગદાન આવશ્યક જ નહીં પણ અનિવાર્ય બન્યું છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

**શિક્ષણમાં નાવીન્ય અને કૌશલ્યોનો વિકાસ.**

આપણા સમયે, આપણી અનુકૂળતાએ ઓનલાઈન પુસ્તકો, ઓડિયો, વીડિયો, સ્વરૂપે પણ માહિતી પ્રાપ્ત કરી શકીએ છીએ. દરેક વયના લોકો ઇન્ટરનેટમાં અલગ અલગ સંશોધનો, વિડીયો મૂકી પોતાનું આર્થિક પાસું પણ  સબળ બનાવી શકે છે. ઈન્ટરનેટના માધ્યમથી આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક વ્યવહાર સાથે જોડાઈ શકાય છે. ઈન્ટરનેટના વિનિયોગથી આંતરરાષ્ટ્રીય વ્યવસાય સાથે જોડાઈ શકાય છે. આજે ઈન્ટરનેટના ઉપયોગ થકી 'વિશ્વ એક ગામડું (globle Village)' બની ગયું છે. આખા વિશ્વમાં થતી કોઈ શોધ, જ્ઞાન કે માહિતી ઈન્ટરનેટના માધ્યમથી દુનિયાના કોઈપણ સ્થળે ત્વરિત પહોંચી શકે છે. જે શિક્ષણમાં આવેલું નાવીન્ય આને તેને આનુષંગિક કૌશલ્યોના વિકાસ પર નિર્ભર છે.

**ડિજિટલ ઇન્ડિયાની ક્ષમતાને નિયંત્રિત કરીને ઉપયોગ કરવો.**

ઇન્ટરનેટની માઠી અસર એ છે કે, આજની યુવાપેઢીના શિક્ષણ અને માનસિક સ્વાસ્થ્ય પર વિપરીત અસર પડી રહી છે. ઇન્ટરનેટના દુરઉપયોગથી આપણું યુવાધન અશિસ્ત અને અસંયમના ગેરમાર્ગે દોરવાઈ રહ્યું છે. વિવિધ સોશિયલ મીડિયાના માધ્યમથી સોશ્યલ નેટવર્કિંગની સુવિધાથી વ્યક્તિ પોતાના સંબંધોને જાળવવામાં રૂબરૂ- પ્રત્યક્ષ મળતી બંધ થઇ ગઇ છે. એમ કહી શકાય કે ઇન્ટરનેટના ઉપયોગથી માનવીય સહવાસમાં દુનિયા ચોક્કસ નાની થઈ છે.ઇન્ટરનેટને મનોરંજન સમજીને સમય, શક્તિ અને નાણાંનો વ્યય કરી આજનું યુવાધન ગેરમાર્ગે વળતું જોઈ શકાય છે. જે ક્યાંક ને ક્યાંક કુટુંબ, સમાજ, રાષ્ટ્ર અને સંસ્કાર -સંસ્કૃતિ માટે ખૂબ જ હાનિકારક છે. આજનો માણસ ઇન્ટરનેટનો વધુ પડતો ઉપયોગ કરી ઘણી બધી

શારીરિક અને માનસિક બીમારીનો ભોગ બને છે અને સાથે સાથે ઘણાં બધાં વ્યસનોનો પણ પોતે ભોગ બની જાય છે. ઇન્ટરનેટના માધ્યમથી આજનો માણસ પોતાને ઓળખવાનું પણ ભૂલી ગયો છે. અને પોતાની જાત કરતાં બીજા લોકો એના માટે શું વિચારે છે, તે વધારે મહત્વનું સમજતો થઈ ગયો છે, જે ક્યાંક ને ક્યાંક જીવન વ્યવહારને ખૂબ જ નુકસાન પહોંચાડે છે. મોટાભાગે કિશોર-કિશોરીઓ, તરૂણ-તરૂણીઓ, યુવક-યુવતીઓ ઈન્ટરનેટને ટેવ કે શોખ બનાવી દેતા હોવાથી તેમજ સસ્તા મનોરંજનનું સાધન બનાવી દેતાં હોવાથી તેમનો મહત્ત્વનો સમય એમાં વેડફાય છે. જેની વિપરીત અસર એ લોકોનાં શારીરિક અને માનસિક સ્તરે થતી હોય છે. એટલે ખ્યાલ એ રાખવાનો છે કે વિકસિત ભારત માટે માનવ સંસાધનની જાળવણી શારીરિક, માનસિક, સામાજિક, સાંવેગિક, નૈતિક, શૈક્ષણિક આને સાંસ્કૃતિક બાબતે થાય તે પણ જરૂરી છે. ટેક્નોલોજીના ઉપયોગ માટે હકારાત્મક અને નકારાત્મક એવાં બંને પાસાંઓ આપણે જોઈ શકીએ છીએ. જો દરેક ક્ષેત્રે માહિતી પ્રત્યાયન તક્નિકી માટે ઇન્ટરનેટનો યોગ્ય રીતે ઉપયોગ થાય તો માણસ વિકાસશીલ બની શકે છે. જ્યારે એનો દૂરોપયોગ કરતો થાય ત્યારે માણસ ચોક્કસપણે પોતાનું અધઃપતન નોતરે છે. જે વિકસિત ભારત બનાવવામાં જોખમી પણ બની શકે.

**યુવાનોના સશક્તિકરણ માટેની ઉત્પ્રેરણા.**

માનવ સમાજમાં વિકાસનાં વિવિધ ક્ષેત્રે સંશોધનો દ્વારા વિકાસનો માર્ગ કંડારવાનો હોય છે. સંશોધનો માટે સાહિત્ય, માહિતી, યોજના, ઉપકરણો, પૃથક્કરણ, અર્થઘટન,તારણો અને પરિણામો સુધી યોગ્ય ઝડપે કાર્ય કરવામાં ટેક્નોલોજી અત્યંત ઉપકારક બને છે. રાષ્ટ્રનો વિકાસ

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

પ્રવૃત્તિઓ અને ક્રિયાશીલતા પર નિર્ભર છે. જે કાર્યોનું આયોજન થાય ,અમલ થાય અને અનુકાર્ય એટલે કે કાર્યના પરિણામની તપાસ થાય . એમ કાર્યના આ દરેક તબક્કે યુવાનોએ તેમાં સામેલ (applie) થવાનું હોય છે. એપ્લિકેશનના આ પ્રકારે દરેક તબક્કે યુવાનો ટેક્નોલોજીનો સહયોગ લેતા થાય તેવી ઉત્પ્રેરણા આપવાની છે.વિકાસના  કોઈપણ ક્ષેત્રમાં પારંગત બનવા માટે જે તે ક્ષેત્રનું જ્ઞાન, સમજ, કૌશલ્ય, ઉપયોગ, રસ, વલણ અને કદરનો વિકાસ વ્યક્તિ માટે જરૂરી બને છે. આ દરેક બાબત એ ક્ષેત્ર- વિષયના અભ્યાસથી પ્રાપ્ત થાય છે. આ અભ્યાસ માટે ટેક્નોલોજી ખાસ ક્યાં, કઈ રીતે આને કેટલું ઉપયોગી બને તેનાથી યુવાનોને વાકેફ કરવા પડે. માનવ સમાજમાં વ્યવસાયનાં ક્ષેત્રો અનેક છે. એ દરેક ક્ષેત્રે સાધનો, પ્રક્રિયા અને નીપજ એટલે કે પરિણામ સુધી પહોંચવામાં સમય, શક્તિ આને નાણાંનો દુર્વ્યય ન થાય અને યોગ્ય ઝડપે કાર્ય થાય, વળી મેનપાવરને બદલે મશીનપાવરનો ઉપયોગ થાય તેવા હેતુસર ટેક્નોલોજીનો બહોળા પ્રમાણમાં ઉપયોગ જરૂરી બને છે.

**ઉદ્યોગ સાહસિકતા.**

રાષ્ટ્રના વિકાસ અને સમાજ ઔદ્યોગિક વિકાસ એ વિકસિત ભારતની અસરકારક ભેટ છે. તેની ઉપયોગિતા અનેક ક્ષેત્રોમાં, અનેક રીતે હોવાથી આપણા સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક વિકાસને ચોક્કસ વેગ મળ્યો છે. વિવેક બુદ્ધિથી માનવજાતને તેનો ઉપયોગ કરતા આવડે તો એ સાધનમાં આપણને મદદરૂપ થવાની ભાવના પડેલી છે. આમ તો એના વિનિયોગ અને આર્થિક પાસા તરીકે એક રાષ્ટ્રની વિકાસયાત્રાને એ સાકાર કરે છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

**અંતરિક્ષ યાત્રા અને ટેક્નોલોજી.**

આપણા રષ્ટ્રે અંતરીક્ષમાં ડગલાં માંડ્યાં એટલું જ નહીં તેમાં એ દોડતું થયું છે. ગ્રહો, ઉપગ્રહો, કૃત્રિમ ઉપગ્રહો, અંતરિક્ષ યાન, અંતરિક્ષ યાત્રા વગેરેના આયોજન, સંચાલન અને નિયંત્રણમાં ઇન્ટરનેટનું પ્રદાન નાનું સૂનું નથી. રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય વ્યાપાર અને વ્યવહારોમાં ઈન્ટરનેટ દ્વારા સમયસર, માનવશક્તિના વેડફાટ વિના અને નાણાંનો વ્યય થયા વગર એ બધાં વ્યવહારો સફળતાથી થાય છે. આયાત- નિકાસ અને વિનિમયમાં પણ ઈન્ટરનેટ થકી દેશ વિદેશમાં જબરજસ્ત ઉપયોગિતા હાંસલ કરી છે.

**પર્યાવરણનો સંપોષિત વિકાસ અને જાળવણી.**

પર્યાવરણના જતન અને જાળવણી વિના રાષ્ટ્રનો સંપોષિત વિકાસ થવાનો નથી. વિકસિત ભારતની નેમ ખરી પણ પર્યાવરણ જાળવીને. સમગ્ર રાષ્ટ્ર માટે જળ પ્રદૂષણ, વાયુ પ્રદૂષણ, જમીન પ્રદૂષણ, ધ્વનિ પ્રદૂષણ વગેરેનું નિવારણ કરવાનો વિચાર પણ વિકસિત ભારત માટે પાયાની બાબત છે. જેથી માનવ સમાજનું શારીરિક તેમજ માનસિક આરોગ્ય જાળવાય રહેશે. જનમનનું આરોગ્ય સચવાશે તો લોકો રાષ્ટ્રના વિકાસમાં યથોચિત પ્રદાન કરી શકશે.

**આરોગ્યની જાળવણી માટેનાં પગલાં.**

આપણે ત્યાં વ્યક્તિગત આરોગ્ય તેમજ સામૂહિક આરોગ્યની જાળવણી માટે કાળજી લેવાતી નથી. જેના કારણે જાહેર આરોગ્ય જોખમાય છે. સ્ત્રી, બાળક, યુવાન, વૃદ્ધજનોના આરોગ્ય માટે ખાસ સુવિધાઓ આને વ્યવસ્થા થાય તે પણ રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે આવશ્યક છે.

પર્યાવરણ જોખમાતા અકલ્પ્ય બિમારીઓ આને રોગોનો ભોગ લોકો બનતાં જાય છે. આવી પરિસ્થિતિમાં જનસમુદાયના આરોગ્યની ખેવના રાખવી જરૂરી છે. આરોગ્યપ્રદ જીવન જીવનાર વ્યક્તિ પોતાનો વિકાસ કરી રાષ્ટ્રના વિકાસમાં સહભાગી થઈ શકે.

**સામાજિક ઉત્તરદાયિત્વ અને નાગરિક પ્રતિબધ્ધતા.**

સમગ્ર રાષ્ટ્રનો સમાજ ઉત્તરદાયિત્વ દાખવે કે ભારત મારો દેશ છે અને તેના વિકાસમાં જ મારો વિકાસ રહેલો છે. તેથી વિકસિત રાષ્ટ્ર માટે ની ભાવના સાથે દરેકે તે માટેની જવાબદારી ઉઠાવવાની રહે છે. વળી, રાષ્ટ્રના જવાબદાર નાગરિક તરીકે રાષ્ટ્રના વિકાસ માટે પ્રતિબદ્ધ બનવાનું છે. એવી ભાવના હોય કે હું શું કરું કે જેથી મારું રાષ્ટ્ર વિકસિત બને. જે તે ક્ષેત્રમાં, જે તે સ્થાને, જે તે પરિસ્થિતિમાં રહીને રાષ્ટ્રના પ્રત્યેક નાગરિકે વિકસિત ભારત માટે પ્રતિબદ્ધ બનવાનું છે. એટલે જે તે વ્યાવસાયિક વ્યક્તિ તરીકે અને જવાબદાર નાગરિક તરીકે પ્રતિબદ્ધતા જ પહેલી ફરજ બને છે.

**સ્ત્રી સશક્તિકરણ.**

આપણા રાષ્ટ્રમાં સામાજિક વૈવિધ્ય છે. જેમાં જ્ઞાતિ, જાતિ, ધર્મ, પ્રાંત, ભાષા વગેરે. આ દરેક પ્રકારની ભિન્નતાઓ રાષ્ટ્રના વિકાસમાં બાધક બની શકે છે. એમાંયે ખાસ કરીને જાતિની ભિન્નતા એટલે કે સ્ત્રી-પુરષપણાનો ભેદ રાષ્ટ્રના વિકાસમાં વધારે બાધક બને છે. એટલે સ્ત્રીને પુરુષ સમોવડી બનાવવા માટે સ્ત્રી સશક્તિકરણનાં પગલાં વધુ અસરકારક બનાવીને સ્ત્રીઓને શિક્ષણ,

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

વ્યવસાય,ધંધા, રોજગાર વગેરે બાબતે વધુ સક્ષમ બનાવીને રાષ્ટ્રના વિકાસમાં સહભાગી બનાવવાના પ્રયત્નો આવકાર્ય છે.

**વિદ્યાર્થીઓ -યુવાનો-મહિલાઓના વિકાસ માટે પ્રોત્સાહન.**

વિકસિત ભારત 2047નો લક્ષ્યાંક એટલે અત્યારથી 25 વર્ષ સુધીની યોજના ગણાય. એટલે આજનો વિદ્યાર્થી આવતીકાલનો નાગરિક બને તે સમય. એવી જ ગણતરી કરીએ તો આજનો યુવાન ત્યારે આધેડ વ્યક્તિ બનીને નાગરિકત્વ તથા નેતૃત્વને હાંસલ કરશે. મહિલા ઉત્કર્ષનો વિચાર કરીએ તો વિકસિત નારીશક્તિ રાષ્ટ્રના વિકાસમાં યશસ્વી પ્રદાન કરી શકે. એટલે વિદ્યાર્થીઓના, યુવકોના અને મહિલાઓના વિકાસને અત્યારથી પ્રોત્સાહન આપીને વિકસિત ભારતનું લક્ષ્ય હાંસલ કરવું છે.

**વ્યવસાય- ધંધા- રોજગાર માટેની શિસ્ત.**

રાષ્ટ્રના સમગ્ર માનવ સમુદાયની પ્રત્યેક વ્યક્તિ કોઈ ને કોઈ વ્યવસાય, ધંધો કે રોજગાર કરે છે. જે તે વ્યક્તિ રાષ્ટ્રનું જ માનવ સંસાધન છે. એના વ્યવસાય ધંધો કે રોજગારની અસર રાષ્ટ્રના અર્થકારણનો એક ભાગ છે. ત્યારે રાષ્ટ્રનો આર્થિક દર વિકસિત બને તે માટે દરેક વ્યક્તિને પોતાના વ્યવસાય ધંધો કે રોજગાર સન્દર્ભે ચોક્કસપણે રાષ્ટ્રીય શિસ્તમાં અનુસરવાનું રહે છે. આ પ્રકારની શિસ્ત પણ વિકસિત ભારત માટે જરૂરી બને છે.

**ઉપસંહાર.**

સમગ્ર રીતે વિચારીએ તો કહી શકાય કે 2047ના વિકસિત ભારત માટે માનવ જીવનમાં ટેક્નોલોજી અને નાવીન્ય જીવનના વ્યવહારો સાથે વણાઈ જવા જોઈએ. શિક્ષણ થકી હવે માહિતી પ્રત્યાયન તક્નિકી માટે ઈન્ટરનેટ માનવ જીવનનું એક અભિન્ન અંગ બનતું જાય છે . જ્ઞાન અને માહિતીના વિસ્ફોટની આ સદીનો ભરપૂર  લાભ લઈને આપણે વિજ્ઞાન અને ટેકનોલોજીના સથવારે  તેનો રચનાત્મક ઉપયોગ કરીને  વ્યક્તિગત અને સામાજિક વિકાસ કરવાનો છે. રાષ્ટ્રના સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક વિકાસ દ્વારા વિકસિત ભારત 2047ની પ્રગતિ માટે ટેકનોલોજી અને નવીનીકરણ આ રીતે મહત્વનું  બની રહે છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

સન્દર્ભો.

https://www.thehindu.com >national

https://cutn.ac.in >viksit-bharat2047

https://www.cusb.ac.in >Viksit-bharat2047

https://www.greaterkashmir.com >viksit-bharat2047

https://www.ugc.gov.in >11... [PDF]